# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2024** **MIDDAY : 2.30 to 2.35**

**Day: Firday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GANDHINAGAR URBAN INDIA CONF.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ભારત આજે વિશ્વનું સૌથી મોટું પાંચમું અર્થતંત્ર બન્યું તેમાં છેલ્લા 10 વર્ષમાં થયેલા સામાજિક, આર્થિક વિકાસ અને શહેરીકરણની મહત્વની ભૂમિકા રહી છે.'

ગાંધીનગર ખાતે ત્રણ દિવસની "17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા કૉન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪"નું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે આમ જણાવ્યું હતું. શ્રી પટેલે અર્બન મૉબિલિટી ક્ષેત્રોમાં રાજ્યોમાં થયેલા વિકાસ અને અનુભવની પરસ્પર આપ-લે કરવામાં આ પરિષદ ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ મુખ્યમંત્રી)

ઉલ્લેખનીય છે કે, આ પરિષદમાં "શહેરી પરિવહનમાં શ્રેષ્ઠ પધ્ધતિ અપનાવનાર" માટે નવ શ્રેણીમાં પુરસ્કાર અપાશે. તેમજ પ્રદર્શનમાં મેટ્રો રેલ કંપનીઓ, જાહેર-ખાનગી ક્ષેત્રના 76 જેટલા પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે

આ પરિષદમાં મોટી સંખ્યામાં મહાનુભાવો, પ્રતિનિધિઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહિત 3 હજાર જેટલા લોકો જોડાયા છે.

## Boating and water sports activities in the state

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વધુ સલામત અને સુરક્ષિત બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જે અંતર્ગત તેમણે ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ (કેટેગરી 'C' ઇનલેન્ડ વેસેલ્સની નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન) નિયમો 2024ને મંજૂરી આપી છે.

ઇનલેન્ડ વેસેલ્સ એક્ટ, 2021 અને અન્ય સંબંધિત નિયમોની સત્તાઓનો ઉપયોગ કરીને, રાજ્ય સરકારે કાયદા હેઠળ સત્તા અથવા ફરજો નિભાવવા માટે ગુજરાત મેરિટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરની નિમણૂક કરી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરાયેલા આ નવા નિયમો રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ પ્રવૃત્તિઓને મજબૂત કરશે. શ્રી પટેલે હરણી તળાવ બોટની ઘટના પછી રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ તથા બોટિંગ એક્ટિવિટી વધુ સુરક્ષિત અને સલામત બનાવવા પ્રાથમિકતા આપી છે.

# VAV ASSEMBLY BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક પર પેટા-ચૂંટણી માટે ભાજપે સ્વરૂપજી ઠાકોરને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, કૉંગ્રેસે આ બેઠક પરથી ગુલાબસિંહ રાજપૂતને ટિકીટ આપી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં યોજાયેલી લોકસભા બેઠકમાં વાવનાં ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનો વિજય થતાં તેઓ સાંસદ બનતાં વાવ બેઠક ખાલી પડી હતી. જોકે, હવે આગામી 13 નવેમ્બરે વાવ બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન થશે અને 23 નવેમ્બરે મતગણતરી કરાશે.

# VADODARA PMMODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ 27 અને 28મી ઓક્ટોબરે વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, બંને મહાનુભાવોના સ્વાગત માટે સમગ્ર શહેરને રોશનીથી સુશોભિત કરાયું છે.

બંને નેતાઓના રોડ શૉના રૂટ પર 15 સાંસ્કૃતિક મંચ પરથી 200 જેટલા કલાકારો વિવિધ પરંપરાગત નૃત્યો થકી ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવશે. આ પહેલા બંને નેતાઓના સ્વાગત માટે હવાઈમથક ખાતે સ્પંદનકલા કેન્દ્ર, દીક્ષા ભરતનાટ્યલય, નૃત્યમયી ડાન્સ એકેડેમી અને મિસ્ટી ડાન્સ એકેડેમી દ્વારા રાસ થકી 66 જેટલા કલાકારો ભવ્ય સ્વાગત કરશે.

# PM AMRLI LOKARPAN

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી આગામી 28 ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે 4 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ 1600 જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ લોકાર્પણમાં 705 કરોડ રૂપિયાના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે..જેમાં અમરેલીના ગાગડિયો નદી પર ભારતમાતા સરોવર, નેશનલ હાઇવે ઓથોરિટી ઑફ ઇન્ડિયાના 2 હજાર800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યો એક હજાર 94 કરોડના ખર્ચે ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે..

પ્રધાનમંત્રી જેનુ લોકાર્પણ કરવાના છે તેવા નાવડાથી ચાવંડ બલ્ક પાઇપલાઇન પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના 1298 ગામો અને 36 શહેરોના લગભગ 67 લાખ લાભાર્થીઓને વધારાનું 28 કરોડ લીટર પાણીપૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના 95 ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ 2.75 લાખ લોકોની છે.

# Junagadh Pashu population Gantari

જુનાગઢ જિલ્લામાં આજથી પશુધન વસ્તી ગણતરીનો પ્રારંભ થયો છે. જિલ્લાના 547થી વધુ ગામોમાં 100 થી વધુ ગણતરીકારો દ્વારા પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશનથી પશુધનની ગણતરી પ્રક્રિયા હાથ ધરાઈ છે. પશુપાલન અધિકારીના જણાવ્યા મુજબ આ પશુ ગણતરીમાં કુલ ત્રણ લાખથી વધુ ઘરોમાં સર્વે કરાશે અને સંભવિત રીતે સાડા છ લાખથી વધુ પશુની નોંધણી થાય તેવી સંભાવના છે.

પશુધન વસ્તી ગણતરીમાં ગણતરીકારોને નિરીક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી છે પરંતુ મોબાઈલ એપ્લિકેશનની મદદથી આ વખતે પશુપાલકોના પશુ, ઉપરાંત પાંજરાપોળ ગૌશાળા સરકારી ફાર્મ અને ડેરી ફાર્મના પશુઓને પણ ગણતરીમાં આવરી લેવામાં આવશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..